પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૩૮ | ૨૮ જુલાઈ, ૨૦૧૭, શુક્રવાર ; શ્રાવણ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગુજરાત કોંગ્રેસમાં ભારે ભૂકંપ

**વિધાનસભામાંથી કોંગ્રેસના ૩ ધારાસભ્યોના રાજીનામા : ત્રણેય ધારાસભ્યો અમિત શાહની હાજરીમાં ભાજપમાં જોડાયા : રાજીનામાનો દોર આજે આગળ વધશે : બિનસત્તાવાર સૂત્રો મુજબ ૧૫થી ૨૦ ધારાસભ્યો રાજીનામુ આપી શકે કે ક્રોસ વોટીંગ કરી શકે છે : અહેમદ પટેલ માટે કપરા ચઢાણ : રાજીનામુ આપનાર બળવંતસિંહ રાજપૂત રાજ્યસભામાં ભાજપના ત્રીજા ઉમેદવાર તરીકે ઉમેદવારી કરશે : ગુજરાતનું રાજકારણ પુનઃ ગરમાયુ**

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત વિધાનસભા ગૃહના ૩ વિપક્ષી સભ્યોએ આજે ધારાસભ્યપદેથી રાજીનામુ આપતાં કોંગ્રેસને મોટો આંચકો આવ્યો છે એટલુ જ નહિ હવે આની સીધી અસર રાજ્યસભાની ચૂંટણી પર પડશે. ભાજપે રાજ્યસભા માટે ત્રણ ઉમેદવારો મેદાનમાં ઉતારવાનો નિર્ણય લીધો છે. અને આ ઉમેદવારો શુક્રવારે સવારે તેમના ઉમેદવારી પત્રો ભરશે.

૧૮૨નું સંખ્યાબળ ધરાવતી ગુજરાત વિધાનસભામાં ૨૦૧૨નું પુનરાવર્તન થતુ જોવા મળી રહ્યું છે.

૧૮૨નો આંક વધુ એક વખત અપશુકનિયાળ સાબિત થયો છે. વિધાનસભા ખંડિત થવાની પરંપરાની ઘટના વધુ એક વખત બની છે.

વિપક્ષ કોંગ્રેસના ત્રણ સભ્યો સર્વશ્રી બળવંતસિંહ રાજપુત, ડૉ. તેજશ્રીબેન પટેલ અને પી.આઈ. પટેલે રાજીનામુ આપતાં કોંગ્રેસ પક્ષ માટે મોટો ભૂકંપ સર્જાયો છે.

રાજ્યસભાની ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાના અંતિમ દિવસ પૂર્વે જ કોંગ્રેસના ત્રણ સભ્યોના રાજીનામાની સાથે જ કોંગ્રેસના ઉમેદવારને જીતવા માટેનું લક્ષ્યાંક અઘરૂ બની રહ્યાના સ્પષ્ટ સંકેત રાજકીય વર્તુળો આપી રહ્યાં છે.

આજે બપોરે ત્રણ વાગ્યા બાદ બે કલાકના જ ગાળામાં ત્રણ સભ્યોએ ધારાસભ્યપદેથી રાજીનામુ આપી દીધુ હતુ. એકાએક આ નાટકીય ક્રમમાં પ્રથમ બે સભ્યો ડૉ. તેજશ્રીબેન પટેલ અને બલવંતસિંહ રાજપુત પોલીસ પાયલોટીંગ સાથે સ્વર્ણિમ સંકુલ-૨ માં પ્રવેસ્યા હતા અને સીધા ચોથા માળે વિધાનસભા અધ્યક્ષની ચેમ્બરમાં પહોંચ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર



## કોંગ્રેસમાં હજુ વધુ કેટલાક ધારાસભ્યો રાજીનામા આપશે

**રાજ્યસભામાં કોંગ્રેસના ઉમેદવારની હાર નિશ્ચિત**

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યસભાની ચૂંટણી પૂર્વે જ કોંગ્રેસના નારાજ ધારાસભ્યો અને શંકરસિંહના સમર્થકોએ ધારાસભ્ય પદેથી રાજીનામુ આપવાનું શરૂ કરતાં કોંગ્રેસના ઉમેદવાર અહેમદ પટેલને રાજ્યસભામાં હવે જીતવા માટે મુશ્કેલ બન્યું છે. શંકરસિંહ વાઘેલાએ રાજકીય પક્ષો સાથે છેડો ફાડ્યા બાદ તેમના સમર્થક ધારાસભ્યો પણ હવે ખુલીને કોંગ્રેસ નેતાગીરી સામે બળવો પોકાર્યો છે. આજે કોંગ્રેસના બે ધારાસભ્યો અને શંકરસિંહના સમર્થક ધારાસભ્ય બલવંતસિંહ અને તેજશ્રીબેન પટેલે રાજીનામુ આપી દીધુ છે.

હજુ પણ વધુ કેટલાક કોંગ્રેસના ધારાસભ્યો ધારાસભ્યપદેથી રાજીનામુ રાજ્યસભાની ચૂંટણી પૂર્વેજ આપીને ભાજપમાં જોડાઈ જશે. જ્યારે અન્ય ૧૦ થી ૧૫ ધારાસભ્યો કોંગ્રેસમાં જ રહી અને રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર વિરૂદ્ધ ક્રોસ વોટીંગ કરે તેવી શક્યતાઓ વધે તેવી પુરી શક્યતા છે. રાજ્યસભામાં જીતવા માટે ૪૬ મતોની જરૂર પડે કોંગ્રેસના બે ધારાસભ્યોએ ધારાસભ્ય પદેથી રાજીનામુ આપતા હવે કોંગ્રેસમાં હવે ૫૬ ધારાસભ્યો રહ્યા છે. આ ૫૬ ધારાસભ્યોમાંથી હજુ ૧૫ જેટલા ધારાસભ્યો રાજીનામા આપે તેવી શક્યતા સેવાઈ રહી છે.

જો ભાજપ ત્રીજો ઉમેદવાર ઉભો રાખે તો ૧૫ જેટલા ધારાસભ્યો કોંગ્રેસમાંથી ક્રોસ વોટીંગ કરે તેવી શક્યતા છે. આવું જો થાય તો કોંગ્રેસના ઉમેદવાર અહેમદ પટેલની હાર નિશ્ચિત થાય તેમ છે.

## ધારાસભ્યોના રાજીનામા વિધાનસભાની વહેલી ચૂંટણીના સંકેતો આપી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત વિધાનસભાના ત્રણ ધારાસભ્યોના રાજીનામાને પગલે વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ એકાદ મહિનો વહેલી યોજાશે તેવી શક્યતાઓના સંકેત રાજકીય વર્તુળો આપી રહ્યા છે.

વિધાનસભાની મુદત પૂરી થવાનો હવે અલ્પ સમય બાકી રહ્યો છે એટલે પેટા-ચૂંટણીઓ શક્ય નથી પણ વિધાનસભાની વહેલી ચૂંટણી આપી વિપક્ષને મહાત કરવાની ચાલ સત્તાધારી પક્ષ આપી શકે છે તેવી વાતો રાજકીય વર્તુળોમાં શરૂ થઈ ચુકી છે.

ગુજરાતમાં આમેય વહેલી ચૂંટણી યોજવા માટે સત્તાધારી પક્ષમાં ઘણા બધા નેતાઓ અને કાર્યકરો મત ધરાવી રહ્યા છે અને વિધાનસભાનુ ટુંકુ સત્ર સમાપ્ત ઘોષિત થયા બાદ સરકાર વિધાનસભાના વિસર્જનનો નિર્ણય કરશે તેમ મનાઈ રહ્યું છે.

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓ નવેમ્બરમાં સંપન્ન કરવામાં આવે તેવી સક્યતાઓ વધુ છે. ઉત્તરપ્રદેશના ભવ્યાતિભવ્ય વિજય બાદ ગુજરાત આવેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહે ગાંધીનગરમાં કાર્યકરોની હાજરીમાં કહ્યુ હતુ કે ગુજરાતમાં મોદીજીનો વિજય રથ નવેમ્બરમાં આવશે. આ બધી વાતોને સાંકળી ગુજરાતમાં વહેલી ચૂંટણીની શક્યતાના ગણિત રાજકીય વર્તુળોમાં શરૂ થયા છે.

આજે ત્રણ ધારાસભ્યોના રાજીનામા તેમજ હજુ વધુ ધારાસભ્યોના રાજીનામા આગામી દિવસોમાં પડશે તેવી અટકળો વચ્ચે આ ગણિતના સમીકરણો રાજકીય વિશ્લેષકો માંડી રહ્યા છે.

રાજીનામા પાછળ કોંગ્રેસની આતંરિક ખેંચતાણને છતી કરવામાં વિદાય લેતા સભ્યો તક છોડતા નથી અને કોંગ્રેસ હજુ સુધરી નથી તેવી વાતો ભાજપના આગેવાનો કરવાનુ ચૂકતા નથી તે પણ રાજકીય વર્તુળો વહેલી ચૂંટણી માટેના ગુણાકાર તરીકે લેખી રહ્યા છે.

ગુજરાત વિધાનસભામાં રાજકીય કારણોસર સભ્યોએ રાજીનામા આપ્યાની ઘટનાઓ વારંવાર બની છે પણ જે રીતે વર્તમાનમાં રાજીનામા આપી રહ્યા છે અને ચૂંટણીઓ નજીક છે ત્યારે વહેલી ચૂંટણીના સંકેતો સ્પષ્ટ બને છે તેમ રાજકીય વિશ્લેષકોનું કહેવુ છે.

# બિહારમાં ભાજપ-જેડીયુની સંયુક્ત સરકાર

**રાજકીય ઘટનાક્રમના દોરની વચ્ચે નીતીશના મુખ્યમંત્રી તરીકે સુશીલકુમાર મોદીએ નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા : નીતિશ આજે બહુમતિ સાબિત કરશે : સમર્થકોમાં ભારે ઉત્સાહ**



પટણા,તા. ૨૭

બિહારમાં રાજકીય ઘટનાક્રમના દોર વચ્ચે આજે સવારે નીતીશ કુમારની ફરી વાર મુખ્યપ્રધાન તરીકે તાજપોશી કરવામાં આવી હતી. નીતીશ કુમારે સવારે છઠ્ઠી વખત મુખ્યપ્રધાન તરીકે શપથ લીધા હતા.જ્યારે સુશીલ મોદીએ નાયબ મુખ્યપ્રધાન તરીકે શપથ લીધા હતા. બન્નેને બિહારના રાજ્યપાલ કેસરીનાથ ત્રિપાઠીએ હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. મુખ્યપ્રધાન તરીકે શપથ લીધા બાદ મહાગઠબંધન સાથે છેડો ફાડવાના પોતાના નિર્ણયનો બચાવ કરતા નીતીશ કુમારે કહ્યુ હતુ કે બિહારના લોકોના વ્યાપક હિતમાં તેઓ આ નિર્ણય કર્યો છે. રાજ્યના વિકાસ માટે આ નિર્ણય કર્યો છે. નીતીશ કુમારે ખાતરી આપતા કહ્યુ હતુ કે તેઓ રાજ્યને સમૃદ્ધિની દિશામાં લઈ જશે. બીજી બાજુ નાયબ મુખ્યપ્રધાન સુશીલ મોદીએ કહ્યુ હતુ કે અમારી પ્રથમ પ્રાથમિકતા રાજ્યના વિકાસની રહેશે. અમે બિહારને નવી ઉંચાઈ પર લઈ જવા માટે ઉત્સુક છીએ. માત્ર ૨૪ કલાકની અંદર રાજકીય

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યપાલના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં જશે : લાલુ

**બિહારની જનતા તમામ બાબતો જોઇ રહી છે : સુશીલ મોદીએ ખુબ મોટા મોટા કોંભાંડો કર્યા છે : સુશીલ મોદી નીતીશ કુમારના સ્ટેપની બની ગયા છે : લાલુ યાદવ**

પટણા,તા. ૨૭

આરજેડીના નેતા અને બિહારના પૂર્વ મુખ્યપ્રધાન લાલુ પ્રસાદ યાદવે આજે સતત બીજા દિવસે બિહારના મુખ્યપ્રધાન નીતીશ કુમાર પર આકરા પ્રહારો જારી રાખ્યા હતા. લાલુ યાદવે કહ્યુ હતુ કે રાજ્યપાલ કેસરીનાથ ત્રિપાઠીને પહેલા તેમની પાર્ટીને તક આપવાની જરૂર હતી. રાજ્યપાલના નિર્ણયની સામે સુપ્રીમ કોર્ટમા જવાની લાલુએ જાહેરાત કરી હતી. નીતીશ કુમારના કફનવાળા નિવેદન પર લાલુએ પ્રતિક્રિયા આપતા કહ્યુ હતુ કે તેમના કફનમાં ખિસ્સા નહી પરંતુ થેલી છે. લાલુએ આક્ષેપોનો મારો જારી રાખતા કહ્યુ હતુ કે સુશીલ મોદીએ મોટા મોટા કોંભાડો કર્યા છે. સુશીલ મોદી હવે નીતીશ કુમારના સ્ટેપની બની ગયા છે. તેજસ્વી યાદવ પર મુકવામાં આવેલા આરોપો પર ખુલાસો કરવાની માંગ અંગે બોલતા લાલુએ કહ્યુ હતુ કે અમને



જે પ્રશ્ન કરવામાં આવશે તે પ્રશ્નનો જવાબ અમે સીબીઆઈને આપીશુ. તેજસ્વી તમને શા માટે જવાબ આપે. લાલુએ ભાજપ પ્રમુખ અમિત શાહ પર તેજાબી

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપના સમર્થન મુદ્દે હવે જેડીયુમાં પણ વિભાજન છે

**શરદ યાદવ અને અલી અનવર નીતીશથી ખફા : નીતીશ કુમારે સરકાર બનાવવા માટેનો નિર્ણય ઉતાવળમાં કર્યો હતો : આ મુદ્દે નીતીશને ટેકો આપતા જ નથી : શરદ**

નવી દિલ્હી,તા. ૨૭

બિહારની રાજનીતિમાં એક જ રાત્રી દરમિયાન અનેક વળાંક જોવા મળ્યા છે. પહેલા નીતીશ કુમારે તેજસ્વી યાદવના ભ્રષ્ટાચારના મુદ્દા પર મહાગઠબંધન સાથે છેડો ફાડવા અને મુખ્યપ્રધાન તરીકે રાજીનામુ આપી દેવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ ભાજપે નીતીશ કુમારને ટેકો આપવાની જાહેરાત કરી દીધી હતી. હવે આ સમર્થન અને ગઠબંધનને લઈને જોરદાર રાજીકય ઘમસાણની શરૂઆત થઈ ગઈ છે. જેડીયુમાં પણ મતભેદો સપાટી પર આવ્યા છે. જેડીયુના મોટા નેતા અને રાજયસભા સાંસદ અલી અનવર તેમજ શરદ યાદવે જાહેરમાં નીતીશ કુમારની ઝાટકણી કાઢી છે. બન્ને નેતાઓએ નીતીશ કુમારના નિર્ણયની ટિકા કરી છે. ભૂતપૂર્વ જેડીયુ અધ્યક્ષ શરદ યાદવે આ સમગ્ર ઘટનાક્રમ અંગે માહિતી આપતા કહ્યુ છે કે નીતીશ કુમારે તમામ નિર્ણય ઉતાવળમાં કર્યા છે. શરદ યાદવે કહ્યુ હતુ કે નીતીશ કુમાર ખુબ આશ્ચર્યજનક નિર્ણય લઈ ચુક્યા છે. અત્રે નોંધનીય છે કે વર્ષ ૨૦૧૩માં ભાજપ સાથે સંબંધ તુટી ગયા બાદ શરદ યાદવે ભાજપ પર આક્રમક પ્રહારો કર્યા હતા. બીજી બાજુ જેડીયુના રાજ્યસભા સાંસદ અલી અનવરે કહ્યુ છે કે નીતીશ કુમારે નિર્ણય કરીન કેટલાક પાર્ટી નેતાઓને પણ નારાજ કરી દીધા છે. તેમની પાર્ટીના સાંસદ અલી અનવરે કહ્યુ છે ક તેમના અંતરઆત્માના નિર્ણયની સાથે પાર્ટીના અનેક નેતાઓ દેખાઈ રહ્યા નથી. તેમણે કહ્યુ હતુ કે ભાજપની કેટલીક બાબતોને લઈને અમને પહેલા પણ વાંધો હતો અને હજુ પણ છે.

# નીતીશ કુમારે દગો કર્યો : રાહુલ

**નીતીશાના નિર્ણયથી કોંગ્રેસ પાર્ટી લાલઘુમ : સત્તા મેળવવા માટે કોઇ કઇ પણ કરી શકે : રાહુલ ગાંધી**

નવી દિલ્હી,તા. ૨૭

ભાજપની મદદથી છઠ્ઠી વખત બિહારના મુખ્યપ્રધાન બની ગયેલા નીતીશ કુમાર પર જોરદાર પ્રહારો કરતા આજે કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે નીતીશ કુમારે અમારી સાથે ખુબ મોટો વિશ્વાસઘાત કર્યો છે. રાહુલે કહ્યુ હતુ કે સત્તા મેળવી લેવા માટે કોઈ કઈ પણ કરી શકે છે. આરજેડી અને જેડીયુ વચ્ચે ચાલી રહેલી ખેંચતાણ વચ્ચે કોંગ્રેસ પાર્ટીએ ખેંચતાણનો અંત લાવવા માટે બનતા તમામ પ્રયાસો કર્યા હતા. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ વાતચીત પણ કરી હતી. સોનિયા ગાંધીએ મડાગાઠ વચ્ચે મહાગઠબંધનને અકબંધ રાખવા માટે નીતીશ કુમાર અને આરજેડી નેતા લાલુ પ્રસાદ યાદવને સમજાવવાના તમામ પ્રયાસ કર્યા હતા. આ ઘટનાક્રમ વચ્ચે જ નીતીશ કુમાર અને રાહુલ ગાંધી વચ્ચે વાતચીત પણ થઈ હતી. રાહુલના કહેવા મુજબ જ્યારે નીતીશ કુમાર સાથે મુલાકત થઈ હતી ત્યારે જ તેમને આ બાબતની શંકા થઈ ગઈ હતી.

રાહુલે કહ્યુ હતુ કે રાજનીતિમાં આ વાતની ખબર પડી જાય છે કે વ્યક્તિના દિમાગમાં કઈ વાત ચાલી રહી છે. રાહુલે કહ્યુ હતુ કે તેમને ત્રણ ચાર મહિના પહેલાથી સમગ્ર પ્લાનિંગ અંગે માહિતી હતી. નીતીશ કુમાર એનડીએની તરફેણમાં ગયા બાદ આ અંગે પ્રતિક્રિયા આપતા રાહુલે કહ્યુ હતુ કે ભારતની રાજનીતિમાં આ સૌથી મોટી સમસ્યા રહી છે. પોતાના સ્વાર્થ માટે વ્યક્તિ કઈ પણ કરી શકે છે. કોઈ નિયમો નથી. કોઈ વિશ્વસનીયતા નથી. સત્તા માટે કોઈ કઈ પણ કરી શકે છે. રાહુલે કહ્યુ હતુ કે નીતીશ કુમારનો સાંપ્રદાયિક તાકાતો સામે લડવા માટે

● અનુસંધાન પાન-૭ પર

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧




